# SARDAR PATEL UNIVERSITY

NACC Accredited with "A" (10/01/2023 to 09/01/2028)

## CAREER DEVELOPMENT CENTRE

Opp. Sardar Patel University,
Basement of Computer Centre, Vallabh Vidyanagar- 388 120

Email: spucdc@spuvvn.edu Mo.: +91- 90813 23888


પીએમ-उषा PM-UShA

તારીખ : ૨૧/૦૬/૨૦૨૪

સાદર રજૂઆત...

C.D.C જાહેરાત ક્રમાંક 06/2024-25 PSI/CONSTABLE CLASS-3 (ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા લોક રક્ષક દળ) સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો માટે ૦૧ બેચ દીઠ ૧૫૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે OFFLINE (રૂબરૂ) ફોર્મ મંગાવવામાં આવે છે.

આ માટે વિદ્યાર્થીઓએ https://www.spuvvn.edu/students_corner/career-development-centre/ વેબ સાઇટ પર થી "Application Form for CDC 06/2024-25 PSI/CONSTABLE CLASS-3" પ્રિન્ટ કરી વિગતો ભર્યા બાદ તારીખ- ૦૧/૦૭/૨૦૨૪ (સવારે 10:00 કલાક) થી ૨૫/૦૭/2024 (સાંજે 4:00 કલાક) દરમિયાન જરૂરી ડોક્યુમેન્ટની નકલ સહિત ફોર્મ કેરિયર ડેવલોપમેન્ટ સેન્ટર ખાતે જમા કરવાના રહશે. પસંદગી પ્રક્રિયા પ્રવેશ પરીક્ષાના આધારે તૈયાર કરાયેલ મેરીટ પ્રમાણે થશે.

જે વિદ્યાર્થીઓ મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરે છે તેઓએ ડિપોઝિટ પેટે રૂપિયા 2000/-(બે હજાર) ભરવાના રહશે.

જે વિદ્યાર્થિઓની હાજરી સંપૂર્ણ તાલીમ વર્ગ પૂર્ણ થયા બાદ 80% કે તેથી વધુ હશે તેઓને જ ડિપોઝિટ પરત મળવાપાત્ર રેહશે તેમજ 80%થી ઓછી હાજરીવાળા વિદ્યાર્થીઓની ડિપોઝિટ કોઈપણ સંજોગોમાં પરત મળશે નહીં.

તાલીમ વર્ગની નિર્ધારિત સંખ્યાના 20% જેટલા વિદ્યાર્થીઓની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

તાલીમ વર્ગના નોટિફિકેશનમાં નિર્દેશિત બાબતો, પ્રવેશ ફોર્મમાં નિર્દેશિત નિયમો કે અન્ય કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખાલી પડવાની સ્થિતિમાં મેરિટના આધારે વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે, જે ત્યારબાદ ડિપોઝિટ પેટે રૂપિયા 2000/- (બે હજાર) ભરી પ્રવેશ મેળવી શકશે.

**CDC જાહેરાત ક્રમાંક 06/2024-25 PSI/CONSTABLE પ્રવેશ પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ: -**

| ક્રમ | વિગત | સંભવિત માસ |
|---|---|---|
| ૧ | તાલીમ વર્ગોની જાહેરાત પ્રસિદ્ધ કરવાનો સંભવિત માસ | જૂન ૨૦૨૪ |
| ૨ | તાલીમ વર્ગો માટેના ફોર્મ ભરવાની સમયાવધિ | ૦૧ જુલાઇ – ૨૫ જુલાઈ ૨૦૨૪ |
| 3 | પ્રવેશ પરીક્ષાની સંભવિત તારીખ | ૦૪ ઓગસ્ટ ૨૦૨૪ |

| | | |
|---|---|---|
| ૪ | પ્રવેશ પરીક્ષાના પરિણામની સંભવિત તારીખ | ઓગસ્ટ ૨૦૨૪ |
| ૫ | ડિપોઝિટ ભરવા માટેનો સમયગાળો | પરિણામ પ્રસિદ્ધ થયા પછી ના ૦૭ કામના દિવસો |
| ૬ | તાલીમ વર્ગો માટે Orientation Program | ૨૯/૦૮/૨૦૨૪ |
| ૭ | તાલીમ વર્ગોનો સંભવિત સમયગાળો | ૦૨/૦૯/૨૦૨૪ |

નોંધ:ઉપરોક્ત કાર્યક્રમની તારીખ/માસ/સમય સંભવિત છે. તેમા વહીવટી કે કોઈ અન્ય આકસ્મિક કારણોસર બદલાવ થઈ શકે છે.

- પ્રવેશ પ્રક્રિયા દરમિયાન તાલીમ વર્ગોમાં બેચ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યામાં કોઈપણ સમયે કોઈપણ ફેરફાર કરવાનો અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહશે.

## ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા લોક રક્ષક દળ તાલીમ વર્ગો માટેની શૈક્ષણિક લાયકાત

- કોઈપણ વિદ્યાર્થી કે જે સ્નાતકના અંતિમ વર્ષમાં હોય અથવા સ્નાતકની પદવી પ્રાપ્તિ કરી લીધી હોય.
- ઉમેદવાર ભારતની સાંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી એક્ટ 1956 ના સેક્સન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત થયેલી બીજી શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

## ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા લોક રક્ષક દળ માટે તાલીમ વર્ગ માટે વિદ્યાર્થીએ ફોર્મ સાથે આપવાના જરૂરી પ્રમાણપત્રોની નકલ

- શાળા છોડ્યાનું પ્રમાણ પત્ર
- આધાર કાર્ડ
- ૧૦ અને ૧૨માં ધોરણની માર્કશીટ
- સ્નાતકના અંતિમ વર્ષની માર્કશીટ
- સ્નાતક ડિગ્રી પ્રમાણપત્ર
- 1 પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ (Latest)
- દિવ્યાંગ વિદ્યાર્થીના સંદર્ભમાં સરકાર માન્ય દિવ્યાંગતાનું પ્રમાણપત્ર

## પ્રવેશ પરીક્ષાની પદ્ધતિ

- પ્રવેશ પરીક્ષાનું પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના હશે.
- પ્રશ્ન પત્ર 100 ગુણનું રેહશે. જેમાં 100 પ્રશ્ન રેહશે.
- વિદ્યાર્થીએ પ્રશ્નપત્રમાં જ ઉત્તર આપવાના રેહશે જેમાં, દરેક પ્રશ્નના ઉત્તરમાં A, B, C ,D વિકલ્પો આપેલ હશે, તેની સાથે E વિકલ્પ પણ આપેલ હશે. જે પૈકી "E" વિકલ્પ "NOT ATTEMPTED"

અંગેનો રેહશે. જે ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઇચ્છતા હોય તે "E" વિકલ્પ પસંદ કરી શકશે, અને "NOT ATTEMPTED" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી સંબંધિત પ્રશ્નના ઉત્તર માટે આપેલ A, B, C, D, કે E ના વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક એટલેકે એનકોડ કરવાનું રેહશે.

- પ્રત્યેક સાચા ઉત્તર માટે 1 ગુણ મળશે.
- પ્રત્યેક ખોટા જવાબ, એક થી વધુ જવાબના કિસ્સામાં તથા એકપણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણમાંથી ૦.૨૫ ગુણ મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલેકે ખોટા જવાબો માટે નેગેટિવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રેહશે.

## પ્રવેશ પરીક્ષા માટેનો અભ્યાસક્રમ

<table>
<tr><th>ક્રમ</th><th>વિષય</th><th>ગુણભાર</th></tr>
<tr><td>1</td><td>QUANTITATIVE APTITUDE, REASONING AND DATA INTERPRETATION</td><td>50</td></tr>
<tr><td>2</td><td>ભારતનો ઇતિહાસ<br>• સિંધુખીણની સભ્યતા,વૈદિક યુગ, જૈન-બૌદ્ધ ધર્મ, ગણરાજ્યો તથા પ્રથમ મગધ સામ્રાજ્ય, હર્યકવંશ, નંદ, મૌર્ય, શૃંગ, કુષાણ, સાતવાહન, ગુપ્ત, હર્ષવર્ધન,પલ્લવ,ચોલ, પાંડય, વિજયનગર સામ્રાજ્ય-તેના શાસકો, વહીવટીતંત્ર, આર્થિક સામાજિક પરિસ્થિતિ, ધર્મ, સાહિત્ય કલા અને સંસ્કૃતિ<br>• ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન તથા સર્વોચ્ચતા માટેનો સંઘર્ષ<br>• ભારતમાં કંપની શાસન, ૧૮૫૭નો વિપ્લવ અને તાજની શાસન<br>• ભારતની સ્વાતંત્ર્યતા માટેની ચળવળો અને સામાજિક ધાર્મિક સુધારા.</td><td rowspan="4">50</td></tr>
<tr><td>3</td><td>ભારત ગુજરાતનો સાંસ્કૃતિક વારસો<br>• કળાસ્વરૂપો, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, સંગીત, નૃત્ય.<br>• ભારતીય જીવન પરંપરા, મેળા, ઉત્સવો,ખાણી-પીણી, પોષક અને પરંપરાઓ.<br>• ગુજરાતનાં મેળાઓ, સંગ્રહસ્થાનો, જોવાલાયક સ્થળો, સાંસ્કૃતિક-ધાર્મિક-સાહિત્યિક મહત્વ.</td></tr>
<tr><td>4</td><td>ભારતનું બંધારણ અને રાજ્ય વ્યવસ્થા</td></tr>
<tr><td>5</td><td>વિજ્ઞાન અને ટેકનોલોજી તથા પર્યાવરણ<br>• રોજિંદા જીવનનું વિજ્ઞાન<br>• ICT<br>• ભારતીય અંતરીક્ષ કાર્યક્રમની ઉત્ક્રાંતિ/વિકાસ- દશા અને દિશા<br>• ભારતમાં ઉર્જા સ્ત્રોતો અને સરકારની નીતિ અને કાર્યક્રમો<br>• પર્યાવરણને લગતા મુદ્દાઓ, પર્યાવરણને જાળવણી માટેની વિવિધ નીતિઓ, સમેળની અને સંધિઓ,<br>• ભારતમાં વન અને વન્યજીવ.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| 6 | ભારત અને ગુજરાતનું ભૂગોળ (સામાન્ય-ભૌતિક-સામાજિક-આર્થિક ભૂગોળ , વર્તમાન પ્રવાહોના સંદર્ભમાં વિશ્વ ભૂગોળ) | |
| 7 | ભારતીય અર્થતંત્ર અને આયોજન<br>• ભારતમાં આયોજનની કામગીરીનો ઉદ્ભવ અને વિકાસ<br>• નીતિ આયોગ<br>• રાષ્ટ્રીય આવક, ભારતીય કર પદ્ધતિ, જાહેર ખર્ચ, જાહેર દેવું<br>• કેન્દ્ર-રાજ્યના નાણાકીય સંબંધો<br>• GST<br>• ભારતીય જાહેર વિત્ત વ્યવસ્થા સાથે સંકળાયેલી અગત્યની સંસ્થાઓ<br>• ભારત અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ | |
| 8 | પ્રાદેશિક,રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ (મે-જૂન-જુલાઇ 2024) | |
| | કુલ ગુણ | 100 |

<u>C.D.C 06/2024-25 PSI/CONSTABLE CLASS-3(ગુજરાત પોલીસ દળ વર્ગ-3 પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા લોક રક્ષક દળ</u>) તાલીમ વર્ગોના એડમિશન માટેનો મુસદ્દો મંજૂરી અર્થે રજૂ.

ના.કુલસચિવશ્રી    કા. મુ.હિસાબી અધિકારીશ્રી    કુલસચિવશ્રી    કુલપતિશ્રી